સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

દંભ અને દેખાડામાં સમયનો થશે ધૂમાડો!
કૂટશે તિજોરી દારૂખાનું બની, થશે ધૂમાડો!
વછૂટશે વિકાસ, આપણું ભાવિ, થશે ધૂમાડો!
ગૌરવનાં ગીતડાંમાં અબજોનો થશે ધૂમાડો!
(સ્થાપના દિન મૂબારક)

હાઈકુ

દિલ્હી ની ગાદી,
સાચવે છે એક ગુજ્જુ -
આપણું ગૌરવ...

ચંગુ-મંગુની,
આ ચાણક્ય નીતિને -
સૌના વંદન...

ચિંતન

આપુહિ કરતા ભયે કુલાલા, બહુ બિધિ બાસન ગઢૈ કુંભારા ।
વિધિને સબઈ કીન્હ એક ઠાઉં, જતન અનેક કે બને કનાઉં ॥

ઉપરોક્ત ચોપાઈ કબીર બીજક ગ્રંથમાથી લેવાયેલ છે.

જે રીતે કુંભાર અનેક પ્રકારના વાસણો ઘડે છે, તે પ્રમાણે અંતર્યામી પરમાત્મા જાતે જ પ્રાણીના વિવિધ સ્વરુપ વાસણ ઘડવા માટે જાતે કુંભાર બને છે. એ પછી બ્રહ્મસ્વરુપ પરમાત્માએ બધી સામગ્રી એક સ્થળે એકત્ર કરી. એ પછી ઘણા પ્રયત્નો વડે વાણસો બની રહ્યાં છે. ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરનારાઓને એ વાતની ખબર છે કે, જયાં પણ કાર્યકારણભાવ સમજાવવો હોય ત્યાં કુંભાર અને વાણસોનાં દૃષ્ટાંત આપીને સમજાવાય છે. અહીં પણ જે રીતે કુંભારી માટીના અનેક પ્રકારનાં વાસણો ઘડે છે, તે રીતે પરમાત્મા પણ પ્રકૃતિ વડે અનેક પ્રકારનાં સંસારી જીવો બનાવે છે.

સુવિચાર

- કરકસર એટલે નિશ્ચિત આવક - **અરબી કહેવત**
- એક જ પક્ષે જો વાંક હોય તો કજિયો લાંબો ચાલતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- બીજાના શ્રમે જે દિ' માનવી લૂંટતો થયો, તે દિ'એ, તે ક્ષણે,
  જન્મ કાલિકાળ તણો થયો - **કવી ન્હાનાલાલ**
  (કલિકાળ : શેતાન)
- કરુણા ભગવાનનો ગુણ છે, જે કરુણા બતાવે છે તે ભગવાનનું કાર્ય કરે છે - **ફાધર વર્સીવ**
- કહેવત એટલે સામાન્ય માણસનું તત્ત્વજ્ઞાન - **ફુલછાબ**
- 'હું આ કરીશ' એમ ન કહો, 'ઈશ્વરની ઈચ્છા હશે તો કરીશ' - **કુરાન**
- આજનું ઔષધ : કથળીનો ઉકાળો પીવાથી પ્રસવ પછી સ્ત્રીઓના ગર્ભાશયની પૂરેપૂરી શુદ્ધિ થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ક્ષમા અને ઔદાર્યના સદ્‌ગુણ વડે હૃદય પરિવર્તન કરાવવું સરળ બને છે :

વસુબેન ભટ્ટ આકાશવાણી મુંબઈના કેન્દ્ર નિર્દેશક હતા. તેમના ઘરેથી ચોરી થઈ. ચોર પકડાયો. પોલીસે વસુબહેનને જાણ કરી. વસુબહેન ચોરની ઓળક કરવા પોલીસ થાણામાં ગયાં. ત્યાં જઈને તેમણે કહ્યું, 'અરે, આ તો મારા મિત્ર છે.' અને ચા-નાસ્તો છોડાવી પોતાના ઘરે લઈ આવ્યા. એને ચા-નાસ્તો કરાવ્યા. અને કહ્યું, 'ભાઈ, તું કહે આ ઘરમાંથી તારે શું શું જોઈએ છે, બધું હું તને પૅક કરી આપીશ. મારો ફોન નંબર લે, ફોન કરીને આવજે. હું ઘરમં રહીશ. અને ગભરાઈશ નહીં આ બધું હું તને આપીશ. પોલીસને જાણ પણ નહીં થવા દઉં. અને હા લે આ એકસો રૂપિયા.'

ચોર વસુબહેન ને પગમાં પડી ખૂબ રોઈ પશ્ચાતાપ કરી પાછો વળ્યો.

જય જય ગરવી ગુજરાત

તંત્રીસ્થાનેથી...

આજે આપણી ગુજરાતની સત્તાવનમી વર્ષગાંઠ. રાજકીય સંદર્ભે ભલે સત્તાવન વર્ષનું જ થયું હોય, પરંતુ ખરું પૂછો તો ગુજરાતની એ નવી આવૃત્તિ હતી, નહીંતર આ ભૂમિ તો આદિઅનાદિથી અસ્તિત્વ ધરાવે છે. ક્યારેક એ આનર્ત પ્રદેશ તરીકે ઓળખાતી રહી, અને હજી એમાં વિવિધ અંગ-ઉપાંગો તો પોતાપોતાની અલગ ઓળખ વીસર્યાં નથી જ સૌરાષ્ટ્ર અને કચ્છ કે લાટ, ચરોતર, કાનમ જેવાં નામો રાજકીય વિધિવિધાનથી થોડાં ભૂંસી શકાશે? પરંતુ ગુજરાતનું છેલ્લું સંસ્કરણ તે આપણને પહેલી મે, ઓગણીસસો સાઠના પ્રભાતે પ્રાપ્ત થયેલું ગુજરાત છે, જેના જન્મ સંસ્કાર કળિયુગના દધીચિ સમા મૂક લોકસેવક પૂ. રવિશંકર મહારાજના સાંનિધ્યે સંપન્ન થયા હતા. ઝવેરચંદ મેઘાણીએ મહારાજનાં સંસ્મરણો આલેખતા 'માણસાઈના દીવા' પ્રગટવ્યા એમાં એક પ્રસંગકથાનું શીર્ષક હતું : 'બહુઉઉ... લાં..બું દેખું છું.' આવી દીર્ઘદ્રષ્ટા અને આર્ષદૃષ્ટા મહારાજના ગુજરાતની સ્થાપના દિન વખતના ઉદ્‌ગારો ફક્ત શાસકોએ કે નેતાઓએ જ નહીં, ગુજરાતના પ્રત્યેક નાગરિકો હૈયે કંડારવા જેવા છે. ગુજરાત કોઈ સામાન્ય જમીનનો ટુકડો નથી. એની પાસે ગૌરવવંતો ઈતિહાસ છે. એણે પાંચ હજાર વર્ષ પૂર્વે પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને આશ્રય આપ્યો હતો. અહીં નરસિંહ મહેતાથી લઈ નર્મદ, ગોવર્ધનરામ, કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી અને ઉમાશંકર-સુન્દરમ્ જેવા શબ્દ સાધકો પાક્ય છે. મેવાડ છોડીને મીરાંને ગુજરાતનું શરણું સ્વીકાર્યું હતું. દુનિયાને સત્ય અને અહિંસાની તાકાતનો પરચો બતાવનાર મોહનદાસ કરમચંદ ગાંધી અને છિન્નભિન્ન ભારતવર્ષને એકસૂત્રમાં પરોવનાર સરદાર વલ્લભભાઈ પટેલની આ જન્મભૂમિ અને કર્મભૂમિ છે. ધર્મમાં પ્રવેશતા પાખંડ સામે બૂંગિયો ફૂંકી 'સત્યાર્થ' પ્રકાશિત કરનાર સાચા સંતપુરુષ મહર્ષિ દયાનંદ જેવા ક્રાન્તદૃષ્ટા આ ભૂમિનું ફરજંદ છે. આજે ગુજરાત વિશ્વપટલ પર એની આગવી મુદ્રા અકંતિ કરી ચૂક્યું છે. ધર્મક્ષેત્રે ગુજરાતે વિશ્વને ભગવાન સ્વામિનારાયણથી લઈ પ્રમુખ સ્વામી અને મોરારિ બાપુ કે સ્વામી સચ્ચિદાનંદ જેવી વિભૂતિઓ ભેટ ધરી છે. ઉદ્યોગ ક્ષેત્રે જમશેદજી તાતાની ઊજણી પરંપરાથી લઈ અંબાણી - અદાણી સુધીના મહારથી આપ્યા છે તો વળી રાજકીય ક્ષેત્રે મોરારજી દેસાઈ વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિચક્ષણ સંગઠક અમિત શાહ જેવા નેતાઓ આપ્યા છે. આ બધાને યાદ કરીએ ત્યારે ગરવી ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા કે હિંમતપૂર્વક યુદ્ધકાળમાં શહીદી વહોરનાર એમના અનુગામી બળવંતરાય મહેતાને પણ સંભારવા જ પડે. સોહામણા રાજકુમાર જેવા સ્વપ્નદૃષ્ટા હિતેન્દ્ર દેસાઈ અને ગાંધીમાર્ગે ચાલી આદર્શ મુખ્યમંત્રી તરીકે પંકાયેલા બાબુભાઈ જશભાઈ પટેલ શેં ભુલાય ? માધવસિંહ સોલંકી ગરીબોના મસીહા અને વંચિતોના વાણોતર ઉપરાંત સાહિત્યકલા રસિક રાજપુરુષ તરીકેની સુગંધ વેરતા ગયા તો વળી ચીમનભાઈ પટેલે 'છોટે સરદાર'ની ભૂમિકા ભજવી. એમણે નર્મદાના અવતરણ માટે આજીવન એક જીવતી જાગતી સંકલ્પના છે. જેના ઘડતર અને ચણતરની પ્રક્રિયા અનંતકાળ પર્યંત ચાલતી રહેશે એ સંકલ્પના સંકુચિત હોઈ જ ન શકે. એકાદ ગોધરા જેવી ઘટનાથી ગુજરાત વગોવાઈ ગયું ત્યારે પણ દુનિયા તો જાણતી જ હતી કે એક દિવસ એ દેશ અને દુનિયા માટે રોલ મોડેલ સ્ટેટની પ્રતિષ્ઠા હાંસલ કરીને જંપશે. આજે આપણે સૌ એ સપનું સાકાર કરવાની પ્રતિજ્ઞા લઈએ અને 'જયાં - જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' વાળી કવિ કલ્પનાને સાચી ઠેરવવા સંકલ્પબદ્ધ થઈને. જય જય ગરવી ગુજરાત.

વચગાળાની અન હંગામી જામીન અરજીઓમાં તફાવત : ગુજરાત હાઈકોર્ટ

જામીન અરજીના કાનુની લાંબા વિવાદ બાદ નામદાર ગુજરાત હાઈકોર્ટની લાર્જર બેન્ચે મહત્વનો ચુકાદો આપતા જણાવ્યું છે કે સકસેસીવ જામીન અરજી દરમ્યાન થતી વચગાળાની જામીન અરજી એ જ જજ સમક્ષ ચાલે પરંતુ હંગામી જામીન અરજી રોસ્ટર મુજબના જજ સમક્ષ ચાલે.

એક વખત રેગ્યુલર જામીન અરજી ઉપર નિર્ણય આવી જાય પછી જામીન મેળવવા માટે થતી વિવિધ અરજીઓ (સકસેસીવ જામીન અરજી) પડતર હોય તે દમ્યાન આરોપીઓએ કરેલ વચગાળાની જામીન અરજી સકસેસીવ જામીનના ઈન ચાર્જ જજ સમક્ષ ચાલે એવો મહત્વનો નિર્ણય ગુજરાત હાઈકોર્ટના લાર્જર બેન્ચના ત્રણ જજો દ્વારા આપવામાં આવ્યો છે.

હાઈકોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલ કાયદાની આંટીઘૂંટી ભરેલા આ કેસનો નિર્ણય લેતા લાર્જર બેન્ચે એવું અવલોકન કર્યું કે જયારે કોર્ટ સકસેસીવ જામીન અરજી સંભાળતી હોય ત્યારે સરકારી વકિલ અને આરોપીના વકિલે કોર્ટને જાહેર કરવું જોઈએ કે અરજદાર જયુડીસ્યલ કસ્ટડી એટલે કે જેલમાં છે કે પછી હંગામી જામીન ઉપર આરોપીને મુક્ત કરવામાં આવ્યો છે.

સને ૨૦૧૧ માં અમદાવાદ એરપોર્ટના એર કાર્ગો ઉપરથી ડિટેકટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સે (ડીઆરઆઈ) લોટ અને મેદાના નામે કરોડો રૂપીયાનું એન ફેટામાઈન ડ્રગ્સ યુકે, યુએસએ મોકલવાનું વ્યાપક કૌભાંડ ઝડપી પાડયુ હતું જેમાં અરજદાર કોડસકટ સામે નાર્કોટીક એન્ડ ડ્રગ્સના ગુન્હા હેઠળ ફરીયાદ દાખલ કરવામાં આવેલ જે સંદર્ભે અરજદારે હંગામી વચગાળાના જામીન માટે જુદી જુદી ૧૬ જેટલી અરજીઓ કરી હતી અને દરમ્યાન નામદાર ગુજરાત હાઈકર્ટ સમક્ષ રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી જેને નામદાર જસ્ટીસે રદબાતલ ઠરાવી હતી.

ત્યારબાદ અરજદારની સકસેસીવ જામીન અરજી પેન્ડીંગ હતી તે દરમ્યાન તેણે વચગાળાની જામીન અરજી કરી હતી જે પણ જસ્ટીસ દવે સમક્ષ આવતા ટેકનિકલ પ્રશ્ન કરેલો કે કોર્ટ પેન્ડીંગ અરજી સાંભળશે કે સદર અરજી સાંભળશે? નિયમીત કોર્ટ સમક્ષ રજુઆત માટે મોકલવામાં આવતી હોય છે સદર મુદ્દો જસ્ટીસ દવેએ ચીફ કોર્ટ સમક્ષ મુકી માર્ગદર્શન માંગતા લાર્જર બેન્ચ સમક્ષ સદરહુ ટેકનિકલ મુદ્દો ચર્ચાતા રેફરન્સ માટે મુકવામાં આવ્યો હતો.

લાર્જર બેન્ચે અવલોકન કરતા જણાવ્યું હતું કે અમારા મતે વચગાળાની અને હંગામી જામીન અરજી વચ્ચે તફાવત છે. અરજદાર ઈન્ટ્રીમ અરજી કરે કે મારા સકસેસીવ અરજીનો નિકાલ ના થાય ત્યાં સુધી મને વચગાળાની મુકતી આપો ત્યારે મેરીટ ઉપર નિર્ણય કરવો પડે તેના પુરાવા વિગેરેની વિસ્તૃત ચર્ચા અને ચકાસણી કરવી પડે તેથી અમારા મતે આવી વચગાળાની જામીન અરજી સકસેસીવ જામીન અરજી જેની સમક્ષ હોય તે જજે સાંભળી નિર્ણય કરવો જોઈએ બીજી તરફ હંગામી જામીન અરજી ચોક્કસ સમયની મુક્તિ આપવા માટેની હોય છે તેના માટે અરજદારના સગા સંબંધીની માંદગી જન્મ મરણ, લગ્ન જેવા આધાર પુરાવા રજુ કરેથી કોર્ટ વિવેક બુધ્ધીનો ઉપયોગ કરી આ પ્રકારની જામીન અરજીનો નિર્ણય કરવો જોઈએ. આ માટે આરોપીની જેલ વર્તણુંક તથા જેલ રેકર્ડના આધારે નિર્ણય થવો જોઈએ તેથી સકસેસીવ જામીન અરજી પેન્ડીંગ હોય અને હંગામી જામીન લેવા અરજી કરવામાં આવે તો તે રોસ્ટર (રાબેતા) મુજબ જામીનના કેસો ચલાવતી કોર્ટ સમક્ષ મુકવા જોઈએ.

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ઘણીવાર મોટા ગુન્હામાં સંડોવાયેલ વ્યક્તિ દ્વારા યેનકેન પ્રકારે નામદાર કોર્ટને અંધારામાં રાખી સકસેસીવ જામીન અરજી પેન્ડીંગ હોવાનું બહાનું કાઢી ટેકનિકલ રીતે હંગામી (ઈન્ટ્રીમ) જામીન અરજી દાખલ કરી તેના હુકમ મેળવી જામીન મુક્ત થતા ત્યારબાદ સકસેસીવ જામીન અરજીમાં હંગામી જામીન અરજીનો હુકમ મુકી નામદાર કોર્ટ દ્વારા કાયમી જામીન મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને ગુન્હેગાર (આરોપીને) યેનકેન પ્રકારે કાયદાની છટકબારીનો ટેકનિકલ લાભ લઈ જામીન મુક્ત લાંબા ગાળા સુધી રાખવામાં આવે છે જેનાથી ચાલતા કેસ

અનુસંધાન પાના નં. ૭ પર

'ઘોર સાહસ તણા મસ્ત આકર્ષણે લૈ જશે પાંખ તુને રઝળવા... પંખી ! નિર્ભય, નિરુદ્વેગ જાજે ધસ્યો !'

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા, જંગલની કુંજ કુંજ જોવી હતી! જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા, રોતાં ઝરણાંની આંખ લ્હોવી જરી.

ઈશ્વરે કેટલી સુંદર સૃષ્ટિનું સર્જન કર્યું. આપણામાંથી કેટલાય લોકોના મનના છાના ખૂણે કુદરતના ખોળે ખેલવાનું અને કોઈ સુખસગવડો વિના જ પ્રવાસે નીકળી જવાની ઈચ્છા હશે જ! કુદરતને એના મૂળ સ્વરુપમાં માણવાનો લ્હાવો કંઈક અનોખો જ હોય છે. એમાંય વળી આપણો દેશ તો ભૌગોલિક વૈવિધ્યથી ભરપૂર હોવાને કારણે કુદરતની અહીં વિશેષ કૃપાદૃષ્ટિ જણાય છે. આપણા દેશમાં પર્વતો, કોતરો, ઝરણા, નદીઓ, સમુદ્ર, રણ , બરફાચ્છિત પર્વતો, ગાઢ જંગલો, આ બધું જ છે. કોઈ પણ ઉંમરે પહોંચેલી વ્યક્તિ જયારે પોતાની બાજુમાંથી લાઈનસર એક સરખા કપડાં અને બુલેટ લઈને નીકળેલા ગ્રુપને પસાર થતું જુએ છે ત્યારે તેના મનમાં એકવાર તો એ વિચાર ચોક્કસ આવે છે કે 'કાશ! હું પણ કયારેક આ સાહસવીરોની સાથે રાઈડ કરી શકું!' મનુષ્યમાં રહેલી સાહસવૃત્તિ જ તેને વૃદ્ધ થતા અટકાવે છે. ઉનાળાનું વેકેશન મોટા ભાગના બાળકોને પડી જ ગયું હશે ત્યારે નાનપણથી જ બાળકમાં આ પ્રકારની સાહસવૃત્તિ કેળવવામાં આવે, તેના વિષે પૂરેપૂરી જાણકારી આપવામાં આવે તો તે પણ યુવાવસ્થાને પહોંચીને તેના માટે શારીરિક તેમજ માનસિક રીતે સજ્જ થઈ ગયેલો જણાશે. તમને જાણવાની જિજ્ઞાસા નથી થતી કે કેવી હોતી હશે આ બાઈક રાઈડર્સની ટીમ? કયાં કયાં ફરતી હશે? તો આવો આજે આપણે આ થ્રીલ રાઈડનો શાબ્દિક અનુભવ કરીએ વાંચ્યા પછી જો તમને પણ ઈચ્છા જાગે તો નીકળી પડજો તમે પણ આવા જ કોઈ પ્રવાસે !

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

યુવાઈટેડ રાઈડર્સના એક, યુવાન, ઉત્સાહથી ભરપૂર એવા એકટીવ મેમ્બર શ્રી કેયુરભાઈ જેઠવાના જ શબ્દોમાં કહું તો તેઓ કહે છે કે એક રાઈડર માટે બુલેટ રાઈડ એ તેનું એક પેશન-ઝનૂન હોય છે અને તેની સફર ખરેખર તો જે - તે જગ્યાએ પહોંચતા પહેલા જ શરૂ થઈ ગઈ હોય છે. કારણ કે માનસિક રીતે રાઈડરનું મન તો કયારનુંય ત્યાં પહોંચી ગયું હોય છે. રોજના ૮૦૦થી ૯૦૦ કિ.મી.નું સતત ડ્રાઈવીંગ, વિવિધ પ્રકારના પ્રદેશોની મુલાકાત, વૈવિધ્યપૂર્ણ લોકો, તેમનો ખોરાક, પહેરવેશ અને બોલી આ બધું તો ખરું જ પણ રાઈડર માટે સૌથી વધુ ચેલેન્જીંગ બાબત છે સતત બદલાતું વાતાવરણ. ૧ કલાકમાં તડકો તો બીજા જ કલાકે બરફ અને કયારેક તો વરસાદ પણ. ગાંધીનગરથી જયપુર ૪૫ ડિગ્રી તાપમાન અને જયપુરથી શિમલા ૧૩ ડિગ્રી ! અને આ તમામ ટેમ્પરેચર ડિફરન્સીસ માત્ર ૪૮ કલાકના જ સમયમાં ! ૯૦૦ કિ.મી.૧ દિવસમાં અને એ પણ માત્ર ૧૩ થી ૧૪ કલાકના જ ગાળામાં પસાર કરવા એ તો ખરેખર કાબિલેતારીફ જ ગણાય ને! યુનાઈટેડ રાઈડર્સનું પેશન અને તેમની શારીરિક સક્ષમતા તેમને આ પ્રકારનું સાહસ કરવાનું પ્રેરણાબળ પૂરું પાડે છે. કયારેક સિમલા, મનાલી તો કયારેક લેહ-લદ્દાખ તો કયારેક વળી છેક નેપાલ અને ભૂતાન સુધીની સફર આ સાહસવીરોએ ખેડી છે.

આ બધું કોઈ તપશ્ચર્યા જેવું નથી લાગતું ? એક પ્રકારનું મેડીટેશન જ હોય જાણે! દુનિયાથી અલિપ્ત, પોતાનામાં મસ્ત એકધ્યાનથી ખૂબ જ શિસ્તબદ્ધ રીતે આગળ વધતા આ રાઈડર્સ ટ્રાફિકના નિયમો, કુદરતના નિયમો અને સ્થાનિક રહેવાસીઓના નિયમોનો પણ પૂરેપૂરો ખ્યાલ રાખે છે. કેટકેટલા નવા પ્રદેશો ખેડવાના, અવનવા લોકોને મળવાનું અને એ પણ એક યુનિટી મેઈન્ટેઈન કરતા રહેવાની સાથોસાથ ! કવિશ્રી રવીન્દ્રનાથ ઠાકુરના બંગાળી કાવ્ય પરથી આપણા રાષ્ટ્રીય શાયર એવા શ્રી ઝવેરચંદ મેઘાણીએ આવા લોકો વિશે જ આ વાત લખી હોય તેમ જણાય છે કે,

'ઘોર સાહસ તણા મસ્ત આકર્ષણે
લૈ જશે પાંખ તુને રઝળવા,...
પંખી ! નિર્ભય, નિરુદ્વેગ જાજે ધસ્યો !'

એક પંખીની જેમ મુક્ત રીતે પ્રકૃતિને માણવાની આ રોમાંચક સફર જીવન જીવવાનો એક નવો જ દૃષ્ટિકોણ શીખવી જાય છે. સાથે નીકળેલા દરેક વ્યક્તિ એક યુનિટની જેમ એકબીજાને સહકાર આપે છે. એકવાર ગાંધીનગરથી જયપુર, જયપુરથી સિમલા અને સિમલાથી મનાલી જવાના રસ્તે ત્રીજા દિવસે સવારના જ સમયમાં માત્ર ૩૫ કિ.મી. કાપ્યા બાદ રોહતાંગ - પાસ પર એક રાઈડરના બુલેટના આગવા વ્હીલમાં પથ્થર આવતાં બુલેટ સ્લીપ થયું અને બુલેટનું 'ફુટરેસ્ટ' ટૂટી ગયું. ચઢાણવાળા રસ્તા પર ગિયર બદલવા માટે જે જગ્યાએ પગ મૂકવાનો હોય તે જ ન હોય તો શું કરવું ? બીજા એક રાઈડરને રીપેર કરવાની આવડતને કારણે પાછળનું ફુટરેસ્ટ આગળ લાગી ગયું અને એ સફર ત્યાંથી આગળ વધી શકી.

આવો જ અન્ય એક પ્રવાસ નેપાળ-ભૂતાન રાઈડ-૨૦૧૬માં યોજાયો જેમાં. (૧) હિંમતસિંહ ચાવડા (એન્જીનીયર) (૨) કેયુર જેઠવા - (ડે. કલેકટર) (૩) જોસ્ટન કલાસવા (Dr.) (૪) સચિન ઠક્કર અને (૫) મયુરસિંહ જેતાવત ગાંધીનગરથી નીકળ્યા. ગાંધીનગરથી સીધા ઝાંસી એટલે કે એક દિવસમાં ૯૦૦ કિ.મી. કાપ્યા બાદ બીજા દિવસે ઝાંસીથી ગોરખપુર (૭૦૦ કિ.મી.) જવાના રસ્તે અયોધ્યા પહેલા રાત્રે ૮.૩૦ એ સચિનભાઈના બુલેટમાં પ્રોબ્લેમ થયો. ફ્યુઅલ પંપને બદલવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. just dial માં ફોન કરતાં સદ્‌નસીબે એક બુલેટ શોરૂમના માલિક પિકેશ ચાવડાએ પોતે જાતે આવીને શોરૂમ ખોલીને એક્સપર્ટને બોલાવી ફ્યુએલપંપ બદલી આપ્યો અને સાથોસાથ અન્ય રાઈડર્સના પણ બુલેટ ચેક કરી આપ્યા. એ વ્યક્તિએ નાસ્તો કરાવી, પ્રેમપૂર્વક સૌને રાત્રે રોકાવા માટેનું સ્થળ પણ બતાવ્યું. જયારે આ પ્રકારની પરિસ્થિતિ સર્જાય ત્યારે લાગે કે માનવતા અને સંવેદના હજુ પણ આપણામાં ધબકી રહી છે. આ પ્રકારના પ્રવાસ જીવનમાં કોઈ પણ પરિસ્થિતિમાં અનુકૂળ થતાં, નવા નવા લોકો સાથે ટેકલ કરતાં અને કુદરતની રચેલી આ સૃષ્ટિના અવનવા રૂપને મનભરીને માણતાં શીખવે છે. તે આપણને એક ઉમદા વ્યક્તિત્વ તરીકે વિકસાવે પણ છે. વજુભાઈ શાહ લખે છે તેમ, 'ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવન ચલાવવાની શક્તિ ને કળા જે ખીલવે, તે વધુમાં વધુ સુખી થાય, વધુમાં વધુ સ્વતંત્રતા અને ખુમારી જાળવી શકે. જરૂરિયાત વધારે તેમ પરાક્રમ કરવાની શક્તિ હણાતી જાય.' રાઈડર્સ પોતાના જીવનમાં આ વાતને ખૂબ સારી રીતે પચાવી જાણે છે.

Last Seen :

પર્વતોમાં સંતાકૂકડી રમતી કેડીઓએ
જીવતું રાખ્યું મારું અકૈતવ કુતૂહલ,
પુષ્પોનાં સુમધુર સ્મિત ને માનવોની અમી ઝરતી આંખોએ
કયારેય ના કરમાવા દીધાં મારાં સ્વપ્નોને...

- અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

- nehalgadhavi101@gmail.com

ગુજરાતીઓ યાદ રાખે કે આપણે ગાંધીજી અને સરદારના વારસદારો

ગુજરાતે એમને લગભગ વીસારે પાડ્યા છે. ભણતર માત્ર છ ચોપડી, પોતીકી સંપત્તિમાં લોકોના પ્રેમ સિવાય કશું જ નહી, છ ફૂટિયા છતાં ટૂંટિયું વાળીને જ્યાં જગ્યા મળે ત્યાં સૂઈ જાય. સમાજસેવાનો ભેખ ધર્યો, પણ સેવા કરવાની ગાજવીજથી મેવાપ્રાપ્તિ વિના જ સો વર્ષનું આયખું ભોગવીને ૧૯૮૪માં એ જ આ ફાની દુનિયા છોડી ગયા. ગુજરાત રાજ્યનું ૧ મે ૧૯૬૦ના રોજ આવા ઓલિયા માણસે ઉદઘાટન કર્યું. મનની વાત

- ગુજરાતના ઉદઘાટક મૂકસેવક રવિશંકર મહારાજનું પ્રવચન મઢાવીને રાખવા જેવું મૅગ્નાકાર્ટા છે
- આદિવાસી ઉન્નતિ, દારૂબંધી, ગોવધબંધી, સ્વભાષામાં વહીવટ અને અસ્પૃશ્યતા નિવારણ પર ભાર
- સમગ્ર રાજ્ય કે દેશના હિત ખાતર પક્ષનું મહત્ત્વ ઓછું આંકવાની પરિપાટી શરૂ કરવાનો આગ્રહ
- અમલદારો પ્રજાના સેવક થાય, પ્રજા એના પગ પર ઊભી રહે એવું કરે ત્યારે સેવા થઇ ગણાય

શબ્દછળ વિના પ્રજા સમક્ષ અને પ્રજાની સેવાના કૉન્ટ્રાક્ટરો સામે મૂકી. રાજ્યનું ઉદઘાટન થયાના ૨૪ વર્ષે એ સ્વર્ગે સિધાવ્યા, પણ કોઈને વિશે ફરિયાદ કરવા કરતાં આત્મનિરીક્ષણની શીખ આપનાર આ ત્યાગીપુરુષ એટલે રવિશંકર મહારાજ. મૂળ તો રવિશંકર વ્યાસ, પણ રજવાડા વગરના ય મહારાજ. એમણે ગુજરાતીઓને ગાંધીજી અને સરદારના વારસદારો કહ્યા હતા.

ગુજરાત અને મહારાષ્ટ્ર બેઉ રાજ્ય રક્તરંજિત ઘટનાક્રમમાંથી આકાર પામ્યાં. ગુજરાતના સુબા લેખાતા મોરારજી રણછોડજી દેસાઈના અક્કડ વલણ અને ધાર્યું કરાવવાની જીદે મહાગુજરાત ચળવળથી લઈને સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળ સુધી લંબાયેલી હિંસા, ઘૃણા, ગોળીબાર અને હત્યાઓનું નિમિત્ત બનવાનું પસંદ કર્યું. મોરારજી વડા પ્રધાન બન્યા, ૧૯૯૫માં મૃત્યુ પામ્યા ત્યાં લગી એમને હત્યારા-નરાધમ-નરપિશાચની પદવી આપવામાં શિવ સેનાના પ્રમુખ બાળ ઠાકરે અગ્રેસર હતા. ૧૯૫૨થી '૫૬ દરમિયાન સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલનને કચડવા માટે મુંબઈ રાજ્યના તત્કાલીન મુખ્ય પ્રધાન મોરારજીએ આપેલા આદેશથી થયેલા પોલીસ ગોળીબારમાં ૧૦૫ જણની લાશો ઢળી હોવાનો રોષ ઠાકરેના દિમાગમાં ભભૂકતો હતો. મુંબઈમાં હુતાત્મા ચોકનું સ્મારક એનું સ્મરણ કરાવે છે. મરાઠી ભાષિકોના મહારાષ્ટ્ર અને ગુજરાતી ભાષિકોના ગુજરાતને અલગ રાજ્યનો દરજ્જો આપવાને બદલે મોરારજીના કહેવાથી તત્કાલીન વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ ત્રિ-રાજ્ય ફોર્મ્યુલા જાહેર કરી હતી. મરાઠીભાષી પ્રદેશનું મહારાષ્ટ્ર રાજ્ય, ગુજરાતીભાષી પ્રદેશનું ગુજરાત રાજ્ય અને પચરંગી મુંબઈ શહેર કેન્દ્રશાસિત પ્રદેશ. 'ખલનાયક' મોરારજી દેસાઈ પ્રખર ગાંધીવાદી, પણ ના તો મહારાષ્ટ્રના આગ્રહીઓમાં એ લોકપ્રિય કે ના ગુજરાતના આગ્રહીઓમાં.

ગુજરાત અને મહારાષ્ટ્રમાં આંદોલન, પોલીસ ગોળીબારમાં મૃત્યુ અને છેવટે સમાધાનના પહેલા તબક્કામાં ૧ નવેમ્બર ૧૯૫૬ના રોજ દ્વિભાષિક મુંબઈ રાજ્ય અને ૧ મે ૧૯૬૦ના રોજ મરાઠી ભાષી મહારાષ્ટ્ર, મુંબઈ સહિતનું, અને ગુજરાતી ભાષીઓનું ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છ સહિતનું, અસ્તિત્વમાં આવ્યું. ૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યનું સાબરમતી આશ્રમમાં નેહરુ સરકારના ગૃહ પ્રધાન મોરારજી દેસાઈની ઉપસ્થિતિમાં મૂકસેવક રવિશંકર મહારાજે ઉદઘાટન કર્યું. ગુજરાતના પ્રથમ મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ શપથ લીધા. એ તબક્કે મહારાજે કરેલા ભાષણને વાસ્તવમાં સરકાર માટેના મૅગ્નાકાર્ટા તરીકે મઢાવીને રાખવા જેવું છે. વાસ્તવમાં જ્યાં દાદાને જ ભૂલાવી દેવાયા હોય, ત્યાં એમનાં સુવર્ણવચનોનું તો સ્મરણ જ કોણ કરે? આજેય એમના એ ભાષણના અમુક શબ્દોનું સ્મરણ વર્તમાન શાસકોએ રાખવા જેવું છે.

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

'ગુજરાત અને મહારાષ્ટ્ર ભલે અલગ અલગ રાજ્ય બન્યાં, પણ છેવટે તો આપણે સૌ એક જ ભારત દેશનાં વાસીઓ છીએ. સર્વ પ્રાંતોના લોકો આપણા દેશબંધુઓ છે. સૌની ભાષાઓ એ આપણી જ ભાષા છે. જુદા પડવાનું કે ભેગા રહેવાનું, આપણા સ્વાર્થ અને સુખ માટે નથી, પણ આખા રાષ્ટ્રની ઊન્નતિ અને સેવા કરવા માટે છે. આપણે એક જ નાવમાં બેઠેલા છીએ એ વાત કદી ન ભૂલીએ.' રવિશંકરદાદાએ આદિવાસી કોમની ઉન્નતિ માટે લક્ષ્ય આપવાનું ભારપૂર્વક જણાવ્યું. આંખ ઠરે તેવું ગોધન, દારૂબંધી, ગોસંવર્ધન અને ગોસેવા, ગોવધબંધી, સ્વભાષામાં વહીવટ, અસ્પૃશ્યતા નિવારણ માટે પ્રજામાનસને કેળવવા સહિતની વાતો કરી હતી. સમગ્ર રાજ્ય કે દેશના હિત ખાતર પક્ષનું મહત્ત્વ ઓછું આંકવાની પરિપાટી શરૂ કરવાનો આગ્રહ એમણે સેવ્યો હતો. ખાસ કરીને 'આપણા પક્ષ કરતાં પ્રજા બહુ મોટી છે'ની શીખ ગૂંજે બંધાવી. ગ્રામ પંચાયતોમાં પક્ષોનું રાજકારણ ના પેસે એનો આગ્રહ સેવીને ચૂંટણી દરમિયાન પક્ષનું ઝેર ફેલાતું અટકે એનો આગ્રહ સેવ્યો. એ માટે બધા પક્ષોએ શુદ્ધિ માટે પાળવા જેવા કેટલાક નિયમો નક્કી કરીને એને અમલમાં